ભાયલીમાં સોલર પેનલો ઉડી, લાઈટો ગુલ થતાં લોકો લિફ્ટમાં ફસાયા : મ્યુ.કમિશનરે કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમથી સ્થિતિ આંકી, ફાયર બ્રિગેડની ટીમ બચાવ કામગીરીમાં જોતરાઈ

# સોમવારે રાત્રે તોફાની વરસાદ : 45થી વધુ વૃક્ષ ધરાશાયી

**વડોદરામાં સોમવારે** રાત્રે વાવાઝોડા સાથે તોફાની વરસાદ

**45થી વધુ** વૃક્ષો ધરાશાયી, શોર્ટ સર્કિટના કારણે 8 સ્થળોએ આગના બનાવો

(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડોદરા શહેરમાં સોમવારે રાત્રે અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને અસહ્ય બફારા બાદ ભારે પવન તથા ગાજવીજ સાથે તોફાની વરસાદ તૂટી પડ્યો હતો. લાંબા સમયની ગરમી બાદ મેઘરાજાના આગમનથી નાગરિકોને ગરમીથી આંશિક રાહત તો મળી હતી, પરંતુ ભારે વાવાઝોડાને કારણે સમગ્ર શહેરમાં ભારે તારાજીના દ્રશ્યો સર્જાયા હતા. તોફાની પવનના લીધે શહેરના અલગ-અલગ વિસ્તારોમાં કુલ 45થી વધુ વૃક્ષો અને ઝાડની ડાળીઓ ધરાશાયી થઈ ગઈ હતી, જેના કારણે વાહનવ્યવહાર ખોરવાયો હતો. વરસાદ અને ભારે પવનના કારણે વીજળીના લાઈવ તાર તૂટી પડવાની અને વીજપોલ પર શોર્ટ સર્કિટ થવાની અસંખ્ય ઘટનાઓ બની હતી.

શહેરના ગોરવા વિસ્તારમાં આવેલી એક રહેણાંક સોસાયટીમાં વીજપોલ પર ભયાનક શોર્ટ સર્કિટ થતાં આકાશમાં તણખા ઉડતા જોવા મળ્યા હતા. વીજ લાઈનોમાં સર્જાયેલી આ ગરબડના લીધે શહેરના આશરે 8 જેટલા જુદા-જુદા વિસ્તારોમાં આગ લાગવાના બનાવો પણ સામે આવ્યા હતા. આ ઉપરાંત, ભાયલી વિસ્તારમાં ભારે પવનના કારણે ઘરોના ધાબા પર ફિટ કરવામાં આવેલી સોલર પેનલો હવામાં ફંગોળાઈ ગઈ હતી, જેના લીધે મોટું આર્થિક નુકસાન થયું હતું. તોફાનના કારણે અનેક વિસ્તારોમાં વીજ પુરવઠો સંપૂર્ણપણે ગુલ થઈ ગયો હતો. આ વાવાઝોડાના કારણે વડોદરાના બે થી ત્રણ વિસ્તારોમાં વીજળીના થાંભલા તૂટી પડવાની ઘટનાઓ પણ સામે આવી છે.

લાઈટો અચાનક ચાલી જ જવાને કારણે શહેરની કેટલીક હાઈરાઈઝ રહેણાંક બિલ્ડિંગોની લિફ્ટ અધવચ્ચે જ અટકી પડી હતી. લિફ્ટ બંધ થઈ જવાને લીધે તેમાં સવાર નાગરિકો કલાકો સુધી અંદર જ ફસાયેલા રહ્યા હતા, જેના કારણે લોકોમાં ભારે ગભરાટ અને દોડધામ મચી ગઈ હતી. આ અફરાતફરીની જાણ થતાં જ વડોદરા ફાયર બ્રિગેડની અલગ-અલગ ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી.

ફાયર વિભાગના જવાનોએ યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરીને લિફ્ટમાં ફસાયેલા તમામ લોકોને હેમખેમ બહાર કાઢ્યા હતા, તેમજ રસ્તાઓ પર આડા પડેલા પતરાં અને ધરાશાયી થયેલા વૃક્ષોને હટાવી વાહનવ્યવહાર ફરી પૂર્વવત કર્યો હતો.

બીજી તરફ, મોડી રાત્રે સર્જાયેલી આ ઈમરજન્સીની સ્થિતિને પગલે તંત્ર સંપૂર્ણ એક્શન મોડમાં જોવા મળ્યું હતું. વડોદરા મહાનગર સેવા સદનના મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુ રાત્રે જ કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમ ખાતે પહોંચી ગયા હતા. તેમણે કંટ્રોલ રૂમમાં લગાવેલા વિવિધ કેમેરાના ફૂટેજ તપાસીને સમગ્ર શહેરની નુકસાની અને કટોકટીની સ્થિતિનો તાગ મેળવ્યો હતો અને રાહત બચાવની કામગીરી ઝડપી બનાવવા સંબંધિત તમામ અધિકારીઓને સ્થળ પરથી જ જરૂરી સૂચનાઓ આપી હતી.




શહેરમાં સોમવારે રાત્રે તોફાની પવન સાથે ખાબકેલા વરસાદના કારણે શહેરના અલગ-અલગ વિસ્તારોમાં કુલ 45થી વધુ વૃક્ષો અને ડાળીઓ ધરાશાયી થઈ ગઈ હતી બીજીતરફ ભાયલી વિસ્તારમાં ભારે પવનના કારણે ઘરોના ધાબા પર ફિટ કરવામાં આવેલી સોલર પેનલો હવામાં ફંગોળાઈ ગઈ હતી

## MGVCLના ૮૦ ફીડરો ઠપ્પ, શહેરમાં અંધારપટ,૭૦૦થી વધુ ફરિયાદો નોંધાઈ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.2

વડોદરા શહેરમાં મોડી રાત્રે અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને ભારે પવન, વાવાઝોડું તેમજ વીજળીના કડાકા-ભડાકા સાથે તોફાની વરસાદ ખાબક્યો હતો. કુદરતી આફતના આ વાતાવરણને કારણે શહેરના જનજીવન અને ખાસ કરીને વીજ માળખાને વ્યાપક નુકસાન પહોંચ્યું છે. રાત્રિના સમયે ફૂંકાયેલા જોરદાર પવનને કારણે મધ્ય ગુજરાત વિજ કંપની લિમિટેડ ના અંદાજે 80 જેટલા વીજ ફીડરો ધડાધડ બંધ થઈ ગયા હતા, 28 જેટલી લાઈનો એવી હતી જે 1 કલાકથી પણ વધુ સમય સુધી સતત બંધ રહી હતી. આ લાંબા સમયના પાવર કટના કારણે અંદાજે 56,000 જેટલા વીજ ગ્રાહકોને અંધારામાં રહેવાની ફરજ પડી હતી. ઉનાળામાં હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. જોકે, પરિસ્થિતિની ગંભીરતાને જોતાં MGVCLની ટેકનિકલ ટીમો તાત્કાલિક એક્શન મોડમાં આવી ગઈ હતી. તંત્રની ભારે જહેમત બાદ મોડી રાત્રે આશરે 1 વાગ્યાની આસપાસ બંધ પડેલા તમામ 100 ટકા ફીડરો સક્રિય કરી દેવામાં આવ્યા હતા અને મુખ્ય લાઈનોનો વીજ પુરવઠો પૂર્વવત કરી દેવાયો હતો. આ વાવાઝોડાના કારણે વડોદરાના બે થી ત્રણ વિસ્તારોમાં વીજળીના થાંભલા તૂટી પડવાની ઘટનાઓ પણ સામે આવી છે. મુખ્ય લાઈનો શરૂ થઈ ગઈ હોવા છતાં, આજે સવાર સુધી છૂટક ફરિયાદોનો દોર ચાલુ રહ્યો હતો. આજે સવારે 8 વાગ્યા સુધીમાં તંત્રને સિંગલ ફેઝ અને વ્યક્તિગત વીજ જોડાણમાં ખામીની અંદાજે 700 જેટલી ફરિયાદો મળી છે.

**56,000**
**વીજ ગ્રાહકો અંધારામાં રહ્યાં**




## ગોરવાના મધુનગરમાં વરસાદથી રસ્તાઓ ધોવાયાં: સમારકામ કરવા માંગણી કરાઈ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.2

નજીવા કમોસમી વરસાદે વડોદરા કોર્પોરેશનની પ્રી-મોન્સૂન કામગીરીના દાવાઓ ધોવાઈ ગયા હોય તેવા દ્રશ્યો સામે આવી રહ્યા છે. શહેરના ગોરવા વિસ્તારમાં આવેલા મધુનગર અને તેની આસપાસના વિસ્તારોમાં પડેલા વરસાદના કારણે જ રસ્તાઓની હાલત અત્યંત બિસ્માર થઈ ગઈ છે. ઠેર-ઠેર રસ્તાઓ પર મોટા-મોટા ખાડાઓ પડી જતાં સ્થાનિક રહિશો અને ત્યાંથી પસાર થતા વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ મુખ્ય માર્ગો પરથી પસાર થવું હવે સામાન્ય નાગરિકો માટે જોખમી સાબિત થઈ રહ્યું છે.

વરસાદના કારણે રસ્તા પર પડેલા ખાડાઓમાં પાણી ભરાઈ જવાને લીધે વાહનચાલકો માટે ખાડાઓનો અંદાજ લગાવવો મુશ્કેલ બની ગયો છે. ખાસ કરીને દ્વિચક્રી વાહનચાલકો માટે અહીંથી પસાર થવું એ અકસ્માતને આમંત્રણ આપવા સમાન બની ગયું છે. પાણીથી ભરાયેલા ખાડાઓમાં વાહનો સ્લિપ થવાની અને ચાલકો પટકાવાની ઘટનાઓ સતત વધી રહી છે, જેના કારણે નિર્દોષ નાગરિકોને નાની-મોટી ઈજાઓ પહોંચી રહી છે. વળી, ટ્રાફિકની સમસ્યા પણ વધુ જટિલ બની છે. આ પરિસ્થિતિને લઈને સ્થાનિક રહીશોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોનું કહેવું છે કે દર વર્ષે ચોમાસામાં આ જ પ્રકારની હાલાકી ભોગવવી પડે છે અને તંત્ર માત્ર કાગળ પર જ કામગીરી બતાવે છે. મધુનગરના સ્થાનિકોએ વહીવટી તંત્ર અને સ્થાનિક સત્તાધીશો સમક્ષ ઉગ્ર રજૂઆત કરી છે કે આ બિસ્માર રસ્તાઓનું તાત્કાલિક ધોરણે સમારકામ કરવામાં આવે. જો આગામી દિવસોમાં ભારે વરસાદ થશે તો આ રસ્તાઓ સંપૂર્ણપણે ધોવાઈ જવાની અને મોટી દુર્ઘટના સર્જાવાની ભીતિ સેવાઈ રહી છે.




### વોર્ડ નં.10માં વીજ કરંટને કારણે ગાયનું મોત નીપજ્યું

વોર્ડ નંબર 10 માં બીઓઆઈ સામે વિજ કરંટ લાગતા ગાયનું મોત થયું હતું. જીઇબી ની ટીમ ઘટના સ્થળે આવી પહોંચી હતી. આ ઘટનાને લઈને પશુપાલકમાં પણ દુઃખની લાગણી વ્યાપી ગઈ હતી. જ્યારે, આગામી સમયમાં આવી કોઈ દુર્ઘટના ન ઘટે તે માટે વીજ કંપનીને રજૂઆત કરવામાં આવી છે. વરસાદ પહેલા કોઈ પણ જગ્યાએ ખુલ્લી જગ્યાએ કરંટ ઉતરતો હોય ખુલ્લા વીજ વાયરો હોય તે ચેક કરીને તાત્કાલિક એનું નિરાકરણ લાવવામાં આવે તેવું સૂચન પણ કરવામાં આવ્યું છે.

### ૧૦ ટિમો ખડેપગે, ૪૨ થી વધુ કોલ ઝાડ પડવાના મળ્યા

હવામાન ખાતાની આગાહી મુજબ વરસાદ ખાબકતાં ફાયરબ્રિગેડની ક્યુઆરટીની ટીમો પણ ખડે પગે છે ગતરોજ વડોદરા ફાયર વિભાગને 42 કોલ ઝાડ પડવાના તેની સાથે આગ લાગવાના અને રેસ્ક્યુના કોલ પણ મળ્યા હતા. આ તમામ કોલ અટેન્ડ કરવામાં આવ્યા હતા અને તમામ કામગીરી પાર પાડવામાં આવી હતી. નાગરિકોને પણ સુરક્ષિત જગ્યા પર રહો ઘરમાં રહો ઈલેક્ટ્રીક જે પણ ઉપકરણો હોય તેની આસપાસ ન રહો.ની અપીલ કરાઇ હતી.

સંશોધનનો સૌથી મહત્ત્વનો મુદ્દો કૌટુંબિક જવાબદારીઓ અંગે બદલાતો દ્રષ્ટિકોણ છે

## ૮૨% મધ્યવયના લોકોને વૃદ્ધાશ્રમ અને રિહેબ સેન્ટરનો ફરક નથી ખબર

( પ્રતિનિધિ ) વડોદરા,તા.2

વિભક્ત કુટુંબોના યુગમાં વડીલોની સંભાળનો મુદ્દો ગંભીર બન્યો છે. એમ.એસ. યુનિવર્સિટીના ફેકલ્ટી ઓફ ફેમેલી એન્ડ કોમ્યુનિટી સાયન્સિસના ડેવલોપમેન્ટ એન્ડ ફેમેલી સ્ટડીઝ વિભાગ દ્વારા થયેલા તાજા સંશોધનમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે. માસ્ટર્સ વિદ્યાર્થીની અક્ષતા કાળે અને આસિસ્ટન્ટ પ્રોફેસર ભાવિકા ઠક્કરે વડોદરાના મધ્યવય અને વૃદ્ધ નાગરિકોના ઔપચારિક સેવાઓ પ્રત્યેના મંતવ્યોનો અભ્યાસ કર્યો હતો.

સંશોધન દર્શાવે છે કે મધ્યવયના 35-60 વર્ષના લોકો અને વૃદ્ધોના વિચારોમાં આંકડાકીય રીતે મોટો ફરક છે. 82%થી 85% મધ્યવયના લોકો આજે પણ પરંપરાગત વૃદ્ધાશ્રમ અને આધુનિક રિહેબિલિટેશન સેન્ટર વચ્ચેનો તફાવત સમજતા નથી. મધ્યવયના 25% લોકો જરૂર પડ્યે ઔપચારિક સંસ્થામાં રહેવા તૈયાર છે, જ્યારે વૃદ્ધોમાં આ આંકડો માત્ર 8.8% છે. 70% પુરુષો અને 67.5% સ્ત્રીઓ માને છે કે બાળકોનું વિદેશ સ્થાયી થવું અને સમયનો અભાવ મુખ્ય કારણ છે. પેઢીગત અંતર અને વિચારોનો તફાવત તેમને સંસ્થાઓ તરફ ધકેલે છે. સંશોધનનો સૌથી મહત્ત્વનો મુદ્દો કૌટુંબિક જવાબદારીઓ અંગે બદલાતો દ્રષ્ટિકોણ છે. 82.6% મધ્યવયના અને 76.3% વૃદ્ધો સ્વીકારે છે કે માતા-પિતાની સંભાળ પુત્ર અને પુત્રવધુ બંનેની સમાન જવાબદારી છે. 87.4% મધ્યવયના અને 77.5% વૃદ્ધોએ માન્યું કે પરણિત દીકરી-જમાઈ પણ વડીલોની યોગ્ય સંભાળ લઈ શકે છે. મધ્યવયના 92.6% લોકોએ સ્વીકાર્યું કે વડીલોની સંભાળ તેમની સામાજિક વ્યાવસાયિક ફરજો સાથે સંઘર્ષ પેદા કરે છે. 73.8% લોકોએ કહ્યું કે, આ પ્રક્રિયા માનસિક અને શારીરિક રીતે થકવી નાખનારી છે, છતાં 77.5% લોકો સેવામાં અંગત સંતોષ અનુભવે છે. સંશોધન સ્પષ્ટ કરે છે કે ભવિષ્યમાં વડીલો માટે સુવિધાઓ વધશે, પણ હજુ મોટાભાગના લોકો પરિવાર સાથે રહેવા માંગે છે. સમાજમાં વ્યાપ્ત ગિલ્ટ અને શરમ દૂર કરવા જાગૃતિ જરૂરી છે.

પ્રથમ ઓપન બરોડા મેજર રેન્કિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ યોજાઇ

## "જલય મહેતા,શેલી પટેલે સિંગલ્સનો ખિતાબ જીત્યો"

( પ્રતિનિધિ ) વડોદરા,તા.2

વડોદરાના ટેબલ ટેનિસ ખેલાડી જલય મહેતાએ અંડર-17 વર્ગના પ્રતિભાશાળી ખેલાડી વેદ પંચાલને હરાવી પુરુષ સિંગલ્સનો ખિતાબ જીત્યો. બીજી તરફ, વેદ પંચાલે અંડર-17 અને અંડર-19 બોયઝ સિંગલ્સના ખિતાબ જીતી ડબલ ક્રાઉન હાંસલ કર્યું. ઉપરાંત, તેણે અન્ય પ્રતિભાશાળી ખેલાડી કૃશય શાહ સાથે મળીને પુરુષ ડબલ્સનો ખિતાબ પણ જીત્યો. મહિલા વિભાગમાં શેલી પટેલે શીતલ શાહને હરાવી મહિલા સિંગલ્સનો ખિતાબ જીત્યો. જ્યારે કૃષ્ણા પટેલે અંડર-15, અંડર-17 અને અંડર-19 ગર્લ્સ કેટેગરીમાં વિજય મેળવી ટ્રિપલ ક્રાઉન હાંસલ કર્યું. સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન ખેલાડીઓએ ઉત્સાહ અને જુસ્સા સાથે રમતો પ્રદર્શિત કરી. ટુર્નામેન્ટમાં કુલ 19 ઈવેન્ટ્સ યોજાઈ હતી, જેમાં અંડર-9, 11, 13, 15, 17 અને 19 બોયઝ તથા ગર્લ્સ સિંગલ્સ, ઓપન પુરુષ અને મહિલા ઈવેન્ટ્સ, વેટરન 39+, 49+, 59+ અને 64+ પુરુષ સિંગલ્સ, પુરુષ ડબલ્સ, મિક્સ્ડ ડબલ્સ અને જંબલ્ડ ડબલ્સનો સમાવેશ થતો હતો. ટુર્નામેન્ટ માટે કુલ 330 એન્ટ્રીઓ પ્રાપ્ત થઈ હતી. ઉભરતા ખેલાડીઓએ પોતાના યોગ્ય સ્થાન હાંસલ કરી જિલ્લા રેન્કિંગ સુધારવામાં મદદરૂપ થાય તેવી મહત્વપૂર્ણ રેન્કિંગ પ્રાપ્ત કરી. ટુર્નામેન્ટના અંતિમ દિવસે ઈનામ વિતરણ સમારોહ કરાયું હતું.

બીજી ટર્મની ચર્ચાએ જોર પકડ્યું,અનેક સમસ્યા ઉભી થવાના એંધાણ

## GTUના કુલપતિની મુદત ઓગસ્ટમાં પૂર્ણ, સર્ચ કમિટી રચવામાં ઉદાસીનતા

( પ્રતિનિધિ ) વડોદરા,તા.2

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના વર્તમાન કુલપતિની મુદત આગામી ઓગસ્ટના પ્રથમ સપ્તાહમાં પૂર્ણ થઈ રહી છે, પરંતુ નવા કુલપતિની નિમણૂક માટે સર્ચ કમિટી રચવાની કાર્યવાહી હજુ સુધી શરૂ જ નથી થઈ. આથી શિક્ષણજગતમાં વર્તમાન કુલપતિને જ બીજી ટર્મ આપી દેવામાં આવશે તેવી ચર્ચાએ જોર પકડ્યું છે. યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન યુજીસીના નિયમ પ્રમાણે કોઈપણ યુનિવર્સિટીમાં વર્તમાન કુલપતિનો કાર્યકાળ પૂર્ણ થવાના 3થી 6 મહિના પહેલાં નવા કુલપતિની નિમણૂક માટે સર્ચ કમિટીની રચના કરવી અનિવાર્ય છે. જીટીયુના કુલપતિની મુદત 3 ઓગસ્ટે પૂરી થઈ રહી છે. એટલે કે માત્ર 2 મહિનાનો સમય બાકી છે, છતાં કમિટી રચના અંગે કોઈ કાર્યવાહી થઈ નથી. જીટીયુની સર્ચ કમિટીમાં 4 સભ્યો હોય છે - બે યુજીસી અને એઆઈસીટીઈ તરફથી અને બે સરકાર દ્વારા નિયુક્ત કરાય છે. સૂત્રોનું કહેવું છે કે રાજ્યની સૌથી મોટી ટેકનોલોજીકલ યુનિવર્સિટીના નવા કુલપતિ માટે પણ કોઈ કામગીરી શરૂ કરવામાં આવી નથી. ભૂતકાળમાં ફાર્મસીમાંથી કુલપતિની નિમણૂક થઈ ત્યારે એન્જિનિયરિંગ ક્ષેત્રમાંથી કુલપતિ આવે તો વધુ સારા પરિણામ મળે તેવી ચર્ચા થઈ હતી. હાલના કુલપતિ એન્જિનિયરિંગમાંથી જ હોવા છતાં કોઈ વિશેષ કામગીરી થઈ નથી, એવું તજજ્ઞો માને છે. યુનિવર્સિટીના વર્તુળોનું કહેવું છે કે વર્તમાન કુલપતિને યુનિવર્સિટીના તમામ કર્મચારીઓની પણ પૂરતી જાણકારી નથી. તેમની કાર્યશૈલી શિક્ષણવિદ કરતાં અધિકારી જેવી વધુ છે. આવી સ્થિતિમાં જો બીજી ટર્મ આપવામાં આવે તો અનેક સમસ્યાઓ ઊભી થશે. હવે નવા કુલપતિ તરીકે કોને ચાર્જ અપાશે તેની અટકળો શરૂ થઈ ગઈ છે. શિક્ષણજગત સરકારની આગામી કાર્યવાહી પર નજર રાખીને બેઠું છે.

બળજબરી અને બ્લેકમેલિંગની ગંભીર ફરિયાદ

## વડોદરા 'આપ'ના પ્રમુખ અશોક ઓઝાની ધરપકડ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.2

સંસ્કારી નગરી વડોદરાના રાજકારણમાં આજે એક ચોંકાવનારો અને ભારે ખળભળાટ મચાવતો કિસ્સો સામે આવ્યો છે. આમ આદમી પાર્ટી (AAP) ના વડોદરા શહેર પ્રમુખ અશોક ઓઝા સામે પક્ષની જ એક મહિલા કાર્યકરે બળજબરી અને બ્લેકમેલિંગની ગંભીર ફરિયાદ નોંધાવતા પોલીસે તેમની ધરપકડ કરી લીધી છે. આ ઘટનાને પગલે સ્થાનિક રાજકીય વર્તુળોમાં ભારે ચકચાર જાગી છે. પીડિતાએ અશોક ઓઝા ઉપરાંત આ ગુનામાં મદદગારી કરવા બદલ તેના પુત્ર, પત્ની અને પુત્રી સહિતના પરિવારના સભ્યો સામે પણ નામજોગ પોલીસ ફરિયાદ નોંધાવી છે. આ ચકચારી ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને કપુરાઇ પોલીસે ત્વરિત કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી અને મુખ્ય આરોપી એવા 'આપ'ના શહેર પ્રમુખ અશોક ઓઝાની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે. જ્યારે આ ગુનામાં સંડોવાયેલા અને ફરાર એવા તેના પરિવારના અન્ય સભ્યોની શોધખોળ માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસે આ મામલે આગળની ઊંડાણપૂર્વકની કાયદેસરની તપાસ શરૂ કરી છે.




આંદોલનની ચીમકી ઉચ્ચારાઇ

## વડોદરામાં ખાનગી શાળાઓની મનમાની સામે રજૂઆત કરાઈ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.2

શહેરની ખાનગી શાળાઓ દ્વારા એડમિશન અને ફીના નામે થતી કથિત ગેરકાયદેસર ઉઘરાણી સામે વાલીઓનો રોષ ફાટી નીકળ્યો છે. આજે જાગૃત આગેવાન મિતેશ પરમારના નેતૃત્વમાં મોટી સંખ્યામાં કાર્યકરો જિલ્લા કલેક્ટર કચેરીએ પહોંચ્યા હતા અને ભારે સૂત્રોચ્ચાર સાથે રજૂઆત કરવામાં આવી હતી. વડોદરા શહેરની કેટલીક ખાનગી શાળાઓ એડમિશન, યુનિફોર્મ, બુક્સ અને અન્ય ચાર્જના નામે વાલીઓ પાસેથી મનફાવે તેવી ફી વસૂલી રહી છે. એફઆરસીના નિયમોને નેવે મૂકી બેફામ ઉઘરાણી કરાતી હોવાની ફરિયાદ કરી તાત્કાલિક તપાસની માંગ કરાઈ છે. આગેવાન મિતેશ પરમારે જણાવ્યું કે, સરકાર એક તરફ શૈક્ષણિક સંસ્થાઓને કરોડો રૂપિયાની સહાય અને જમીન મકાનમાં રાહત આપે છે. તો આ રકમનો ઉપયોગ ક્યાં થાય છે? સુવિધા કોને મળે છે? તેની પણ તપાસ થવી જોઈએ. વાલીઓને લૂંટવાનો પરવાનો કોઈને નથી. તેમણે માંગ કરી કે જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા તમામ ખાનગી શાળાઓમાં ફી નિર્ધારણ અને વસૂલાતની પારદર્શક તપાસ કરવામાં આવે. નિયમોનો ભંગ કરતી સંસ્થાઓ સામે કડક કાર્યવાહી કરી દાખલા બેસાડવામાં આવે. આગેવાનોએ અલ્ટીમેટમ આપતા ચીમકી ઉચ્ચારી કે આગામી દિવસોમાં કલેક્ટર કચેરી ખાતે ધરણા, રેલી સહિતના ઉગ્ર આંદોલનાત્મક કાર્યક્રમો શરૂ કરવામાં આવશે.

વડોદરાની રાજ્યમાં અનોખી પહેલ

## ૧૦૫ શિક્ષકોનું પેન્શન એક જ દિવસમાં મંજૂર કરાયું

( પ્રતિનિધિ ) વડોદરા,તા.2

વડોદરા જિલ્લા શિક્ષણ સમિતિ અને જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા ૩૦થી ૩૫ વર્ષ સુધી શિક્ષણ ક્ષેત્રે નિષ્ઠાપૂર્વક સેવા આપનાર ૧૦૫ નિવૃત્ત શિક્ષકોના સન્માન અને અભિવાદનનો કાર્યક્રમ શહેરની અંબે વિદ્યાલયના સભાખંડમાં યોજાયો હતો.

જિલ્લા શિક્ષણાધિકારી મહેશભાઈ એમ. પાંડે દ્વારા જણાવવામાં આવ્યું હતું કે ૩૧ મેના રોજ નિવૃત્ત થયેલા તમામ ૧૦૫ શિક્ષકોને આગામી ૧ જુલાઈથી નિયમિત પેન્શન મળવાનું શરૂ થઈ જશે. તેમણે ખાતરીપૂર્વક જણાવ્યું હતું કે પેન્શનરોને પેન્શન સંબંધિત કામગીરી માટે કચેરીના ધક્કા ખાવા નહીં પડે અને દર મહિને પગારની જેમ જ સમયસર પેન્શન જમા થશે. આ કાર્યક્રમમાં નિવૃત્ત થતાં શિક્ષકો, તેમના પરિવારજનો તેમજ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. નિવૃત્ત શિક્ષકોએ આ પહેલને આવકારતા કચેરીની સુવ્યવસ્થિત અને સંવેદનશીલ કામગીરીની પ્રશંસા કરી હતી. નિવૃત્ત થયેલા શિક્ષકોમાં ૫૫ પ્રાથમિક અને ૫૦ માધ્યમિક શાળાઓના શિક્ષકોનો સમાવેશ થતો હતો. રાજ્યમાં જિલ્લા કક્ષાએ આ પ્રકારની સૌથી મોટી અને અનોખી પહેલ તરીકે આ કાર્યક્રમ નોંધપાત્ર રહ્યો હતો.



પોલીસ પેટ્રોલિંગના ધજાગરા ઊડ્યા

## વાઘોડિયા રોડ પર મકાનમાંથી ૧.૯૧ લાખના દાગીના ચોરાયા

વડોદરા:ચોરીના પ્રથમ બનાવની વિગત એવી છે કે, વાઘોડિયા રોડ પર આવેલા બાપોદ જકાતનાકા પાસેની ધનલ ક્ષ્મી સોસાયટીમાં પ્રદીપભાઈ સુંદરભાઈ પંચાલ પરિવાર સાથે રહે છે અને ફ્લોર મિલ ચલાવી પોતાનું ગુજરાન ચલાવે છે. ગત 17મી મેના રોજ તેઓ પોતાના પરિવાર એટલે કે પત્ની અને પુત્ર સાથે મકાનને તાળું મારીને એક તીર્થ સ્થળે દર્શન કરવા માટે ગયા હતા. દરમિયાન તેમનું મકાન બંધ હોવાનો લાભ ઉઠાવી અજ્ઞાત ચોર ટોળકીએ રાત્રિના સમયે મકાનને નિશાન બનાવ્યું હતું. તસ્કરો મુખ્ય દરવાજાનો નકૂચો તોડીને ઘરમાં પ્રવેશ્યા હતા અને તિજોરીમાં રાખેલા અંદાજે રૂપિયા 1.91 લાખની કિંમતના સોના-ચાંદીના કિંમતી દાગીનાની ચોરી કરીને ફરાર થઈ ગયા હતા. 20મી મેના રોજ જ્યારે પ્રદીપભાઈ પરિવાર સાથે પરત ફર્યા ત્યારે ઘરના દરવાજાનો નકૂચો તૂટેલો જોઈ ચોંકી ઉઠ્યા હતા.

બીજા બનાવમાં તરસાલીના અશોક પાર્કમાં રહેતા મકરપુરા જીઆઈડીસીની કંપનીમાં નોકરી કરતા શિવેશ અરૂણભાઈ મિશ્રા ગત 22મી મેના રોજ રાત્રે 10 વાગ્યે પોતાના પરિવાર સાથે વતન બિહાર ગયા હતા. બીજે જ દિવસે સોસાયટીના રહીશોએ તેમના ઘરના તાળાં તૂટેલા જોઈ શિવેશભાઈને ફોન પર ચોરીની જાણ કરી હતી. વતનથી પરત આવ્યા બાદ તેમણે મકરપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેમાં સોના-ચાંદીના દાગીના અને ભગવાનની મૂર્તિઓ મળીને કુલ રૂ. 1.68 લાખની ચોરી થઈ હતી.